સન્નારી



# આ કોલેજ સ્ટુડન્ટ્સ છે જરૂરિયાતમંદોના હેલ્પિંગ હેન્ડ

**આપણે આપણી આજુબાજુનો માહોલ જોતા હોઈએ છીએ કે, આજનો યુવા તેના ફ્રેન્ડ્સ સર્કલ સાથે સોશ્યલ મીડિયા પર રીલ્સ જોવામાં મશગુલ હશે કે પછી ઓનલાઈન ગેમ્સ રમવામાં રચ્યાપચ્યા હોય છે. હરવું-ફરવું, મૂવીઝ જોવી, પાર્ટીઝ કરવી આ તેમના જીવનનો પાર્ટ બની ગયો છે. કેટલાક યુવા કરિયર બનાવવા અને પરિવારને આર્થિક રીતે સપોર્ટ કરવા કોઈ નાનુંમોટું કામ ભણવાની સાથે કરતાં હશે. ત્યારે એવો પ્રશ્ન થાય કે કોલેજમાં ભણતાં Gen-Z શું નિઃસ્વાર્થભાવે સામાજિક સેવાઓની જવાબદારી ઉઠાવતા હશે ખરા? તો જવાબ હશે 'હા' પણ તેવા યુવાઓની સંખ્યા ખૂબ જ લિમિટેડ હોવાની. હા, કોલેજમાં ભણતાં યુવક-યુવતીઓ પણ વૃદ્ધાશ્રમમાં જઈને વડીલો સાથે અંતાક્ષરી કે કેરમ જેવી ગેમ રમીને વડીલોનું થોડું મનોરંજન કરે છે, તેમને પોતાના હાથે જમાડશે, કોઈની દવા લાવી આપશે. હવે તો સોશ્યલ મીડિયાના માધ્યમથી અવેરનેસ માટેના વિડિયોઝ બનાવી પોતાની સામાજિક જવાબદારી ઉઠાવતા હોય છે. જો કે કોલેજમાં ભણતાં ઘણા યંગસ્ટર્સનું લક્ષ્ય કરિયર બનાવવાનું હોય છે. એના માટે કલાકો ને કલાકો સ્ટડી કરવી પડે એવામાં તેઓ સોશ્યલ એક્ટિવિટીઝનો વિચાર બહુ નથી કરતા પણ તેમાં પણ કેટલાક યુવાઓ અલગ તરી આવે છે. તેઓને ગરીબોને ભોજન પૂરું પાડવું, કપડાં ભેગા કરી તેનું વિતરણ કરવું, ગાયોની સેવા કરવી ગમતી હોય છે. તો ચાલો આપણે સુરતના એવા યુવાઓને મળીએ જેઓ પોતાના અભ્યાસની સાથે સામાજિક જવાબદારીઓ અદા કરવાની ભાવના સાથે સેવાકીય કાર્યો કરવા માટે પોતાના દિવસના થોડા કલાક આપે છે. તેઓ કઈ સામાજિક એક્ટિવિટીઝ કરે છે, કેમ કરે છે, એમના જીવનમાં એવું તો શું બન્યું હતું કે તેમને લોકસેવા, અબોલ પશુ-પક્ષીઓની સેવાની અલખ જગાવવાનું મન થયું તે જાણીએ...**



## સ્લમ એરિયાનાં બાળકોને ભણાવું, વૃદ્ધાશ્રમના વડીલો સાથે ટાઈમ સ્પેન્ડ કરું: પરિશી પરીખ

અડાજણ વિસ્તારમાં રહેતી 23 વર્ષીય પરિશી પરીખ મેડિકલ સ્ટુડન્ટ છે. તે ફિઝિયોથેરાપીના થર્ડ યરની સ્ટુડન્ટ છે. પરિશી અને તેનો નાનો ભાઈ ધ્રુવલ બંને ભાઈ-બહેન ભણવાની સાથે સેવાકીય કામો નિઃસ્વાર્થ ભાવે કરે છે. પરિશીએ જણાવ્યું કે, ''મારી કઝીન સ્લમ એરિયાનાં બાળકોને ભણાવવા જતી. તેને સેવાકીય કામો કરતા જોઈને હું સોશ્યલ એક્ટિવિટીઝ કરવા માટે પ્રેરિત થઈ હતી. વળી, હું પણ સોસાયટીને મદદરૂપ થવાય તેવું કામ કરવા ઈચ્છતી હતી. શહેરના અલગ અલગ સ્લમ એરિયામાં જઈને ત્યાં સ્ટ્રીટ પર એક સાઈડ પર બાળકોને દર શનિવારે, રવિવારે ભણાવું છું. હું એક સંસ્થા સાથે જોડાઈને આ નિઃસ્વાર્થ કામો કરું છું. કોઈને ત્યાં કોઈ ઈવેન્ટ થઈ હોય કે પછી સોશ્યલ ફંક્શન થયા હોય જેમ કે લગ્ન કે બર્થડે પાર્ટી ત્યાં ભોજન વધી જાય તો અમને ફોન કરીને બોલાવવામાં આવે. ત્યાં જઈને અમે ફૂડ કલેક્ટ કરીએ. ત્યાર બાદ આ ફૂડ સ્લમ એરિયામાં જરૂરિયાતવાળી વ્યક્તિઓમાં ડિસ્ટ્રીબ્યુટ કરીએ. આ રીતે અમે ફૂડ ડ્રાઈવ કરીને પણ જરૂરિયાતમંદ વ્યક્તિઓ સુધી ભોજન પહોંચાડીએ છીએ. વૃદ્ધાશ્રમમાં રહેતા વડીલો ઘણી વખત તેમની સાથે કોઈ વાતો કરે, ગેમ રમે તેવું ઈચ્છતાં હોય. હું સંસ્થાની ટીમ સાથે વૃદ્ધાશ્રમમાં જઈને ત્યાંના વડીલો સાથે ઘણી બધી વાતો કરું, તેમને ભોજન આપું, તેમની સાથે અંતાક્ષરી રમું. મને સોશ્યલ વર્ક કરીને ઘણી ખુશી થતી હોય છે, સેટીસ્ફેક્શન મળે છે. મેં અને મારા ભાઈએ બે વર્ષ પહેલાં સાથે સોશ્યલ વર્ક સ્ટાર્ટ કર્યું હતું.''•







## દેશભક્તિની ફિલ્મોમાંથી પ્રેરણા લઈ નિઃસ્વાર્થ ભાવે સેવાનાં કાર્યો કરું છું: પ્રિયાંશી પાટીલ



''હું જોતી હતી કે ગરીબ બાળકોને કોઈ બિસ્કિટ આપે, ચોકલેટ આપે, તેમની મનગમતી વસ્તુ આપવામાં આવે તો તેઓ કેટલાં ખુશ થઈ જતાં. ત્યારે મને થતું કે, હું પણ કોશિશ કરું જેમની પાસે રોટી નથી, કપડાં નથી તેમને આ બધું આપું. વળી હું દેશભક્તિની ફિલ્મો જોતી. તેમાંથી પ્રેરણા લઈને હું નિઃસ્વાર્થ ભાવે સેવાનાં કાર્યો કરવા તરફ વળી.'' આ શબ્દો છે અલથાણ વિસ્તારમાં રહેતાં 20 વર્ષીય પ્રિયાંશી પાટીલના. તે થર્ડ યર B.Com.માં છે. પ્રિયાંશીએ જણાવ્યું કે, ''છોકરીઓ પોતાનું રક્ષણ જાતે કરી શકે તે માટે અમુક ટ્રિક છોકરીઓને શીખવાડું છું. જેમ કે વાળમાં નાખવામાં આવતી પીન કે પછી દુપટ્ટાથી કઈ રીતે સેલ્ફ ડીફેન્સ કરી શકાય તે શીખવાડું છું. હું ધ હ્યુમિનિટી સ્ટે નામની સંસ્થા સાથે જોડાઈને લોકોની નિઃસ્વાર્થ ભાવે સેવાના માર્ગે આગળ વધી રહી છું. ભટાર, અલથાણ, ઉધના, પાંડેસરા વિસ્તાર મારું સેવા કાર્યક્ષેત્ર છે. હવે ઉત્તરાયણ આવી રહી છે તો અમારી ટીમ ગરીબ ઘરનાં બાળકો પણ કાઈટ ફેસ્ટિવલ માણી શકે તે માટે તેમને પતંગોનું ડિસ્ટ્રીબ્યુશન કરીશું. થોડા સમય પહેલાં રસ્તા પરથી એક પેટ ઘાયલ અવસ્થામાં મળી આવ્યું હતું. આ જર્મન શેફર્ડ ડોગની પ્રાથમિક સારવાર કરી તેને ડૉક્ટર પાસે પ્રોપર ટ્રીટમેન્ટ માટે લઈ ગયાં હતાં. બાદમાં આ પેટની સારી રીતે સારસંભાળ થાય તે માટે અમે એક સારા ફેમિલીને સોંપ્યો હતો. ઘાયલ પક્ષીઓની પ્રાથમિક સારવાર કરવામાં હું સહયોગ આપું છું. લગ્ન કે અન્ય ઈવેન્ટ્સમાં વધેલું ફૂડ અમે મેળવીને સ્લમ એરિયામાં તેનું વિતરણ કરીએ. ગૌસેવાનાં કામો કરું છું. રખડતા શ્વાનોને ખવડાવા જાઉ છું. મારું એજ્યુકેશન પૂરું થયા બાદ કરિયરમાં સેટલ થયા બાદ પણ હું આ સોશ્યલ એક્ટિવિટીઝ ચાલુ રાખીશ કેમ કે એક સારા નાગરિક તરીકે તમારે સમાજ પ્રત્યેનું પોતાનું ઉત્તરદાયીત્વ અદા કરવું જોઈએ એમ હું માનું છું.'' •

## વર્ષના 365 દિવસ ગૌસેવા કરું છું, પ્રિયાંશુ સારંગ

''હું 365 દિવસ ગૌસેવા કરું છું. મારો નિયમ રહ્યો છે કે રોજ સવારે સાડા છ કે સાત વાગે ગૌસેવામાં જોડાઈ જવાનું. ત્યાર બાદ સાડા નવ કે 10 વાગે કોલેજ જવાનું. હું માત્ર ગૌસેવા કરું છું એટલું જ નથી પણ ઘાયલ પક્ષીની પ્રાથમિક સારવાર કરવી અને આ ઈન્જર્ડ બર્ડ્સને હોસ્પિટલ પહોંચાડવાં. આ ઉપરાંત ભગવાનની રક્ષાપેટીમાં ભેગા થતાં ભગવાનના ફોટા, મૂર્તિઓ, ભગવાનનાં વસ્ત્રોને શોર્ટ આઉટ કરવાનું.'' આ શબ્દો છે પાલનપુર જકાત નાકા વિસ્તારમાં રહેતાં 21 વર્ષીય પ્રિયાંશુ સારંગના. તેઓ ડિપ્લોમા ઈન મિકેનિકલ એન્જિનિયરિંગ કરી રહ્યા છે. પ્રિયાંશુએ જણાવ્યું કે, ''હમણાંની યુવા પેઢી એન્જોયમેન્ટ કરવામાં વધારે માને છે. 2022 સુધી મેં પણ નિઃસ્વાર્થ ભાવે કોઈ સોશ્યલ એક્ટિવિટીઝ કરવાનું વિચાર્યું નહોતું પણ એક વાર એક મિત્ર સાથે ગૌશાળા ગયો હતો ત્યાં મિત્રને ગાયોની સેવા કરતા જોઈને મને ઘણું ગમ્યું અને પછીથી હું પણ રોજ સવારે અડાજણની અલગ અલગ ગૌશાળામાં જઈને ગાયોને ઘાસચારો ખવડાવવો, લાડુ, શાકભાજી ખવડાવવાં, ગાયોને નવડાવવી આ કાર્યો હું નિઃસ્વાર્થ ભાવે કરું છું. જ્યારે ગાય, વાછરડાં બીમાર પડ્યાં હોય ત્યારે ડૉક્ટરની ટીમ આ અબોલ પશુઓની સારવાર કરતી હોય ત્યારે ગાય, વાછરડાને પકડી રાખવાનાં હોય તો તે કામ પણ હું કરું છું. આ ઉપરાંત 'સત્ય સેવા જીવદયા ટ્રસ્ટ' સાથે જોડાયો છું. જ્યારે કોઈ પક્ષી ઘાયલ થાય ત્યારે સંસ્થાને તેના કોલ મળે તો હું ઘાયલ પક્ષીની પ્રાથમિક સારવાર માટે જતો હોઉ છું. પક્ષી બહુ નાનાં હોય તેમનામાં બ્લડ પણ ઓછું હોય એટલે તેમને હોસ્પિટલ લઈ જઈએ ત્યાં સુધી બહુ લોહી વહી નહીં જાય તે માટે જ્યાં ઈજા થઈ હોય ત્યાં દવા મૂકવાની હોય તે કામ પણ હું કરું છું. ભગવાનની રક્ષા પેટી પાલ RTO પાસે બનાવવામાં આવી છે. આ પેટીમાં અલગ અલગ ખાના ભગવાનની ખંડિત મૂર્તિઓ, ફોટા, વસ્ત્રો અને ચોપડીઓ માટે બનાવાયા છે. લોકો એ જ ખાનામાં ફોટા, મૂર્તિ, ચોપડીઓ નથી મૂકતા. તેને શોર્ટ આઉટ કરવાના, તેમનું યોગ્ય રીતે વિસર્જન કરવામાં પણ મારું યોગદાન આપું છું. હમણાં દિવાળી પર ગાયો માટે 2500 કિલો શાકભાજીની રંગોળી બનાવવામાં આવી હતી તે રંગોળી બનાવવામાં મારા પરિવારે પણ એક્ટિવલી ભાગ લીધો હતો. મારો પરિવાર પણ સેવાનાં આ કામોમાં મારી સાથે ઘણી વાર જોડાય છે અને મને આ કામો કરવા માટે હંમેશાં પ્રોત્સાહિત કરે છે.''•

## તમારી પાસે બીજાને આપવા માટે કાંઈ નહીં હોય તો તમે જે શીખ્યા છો તે જ્ઞાન આપી શકો: અભિષેક દરજી



''પહેલાં મારા ઘરની આર્થિક સ્થિતિ બહુ સ્ટ્રોંગ નહોતી ત્યારે મને પોતાને પણ ફ્રીમાં ટ્યુશનમાં ભણાવવામાં આવ્યો હતો. મને ભણાવનાર સ્મિતા ટીચરે એક ખૂબ સરસ વાત કરી હતી કે, તમારી પાસે બીજાને આપવા માટે કંઈ ના હોય તો તમે જે ભણ્યા છો, જે શીખ્યા છો તે જ્ઞાન બીજાને આપી શકો છો. મેં આ વાતને મારા જીવનમાં ઉતારી અને હું હવે ગરીબ વર્ગનાં બાળકોને ફ્રીમાં ભણાવું છું.'' આ શબ્દો છે અલથાણ વિસ્તારમાં રહેતાં 21 વર્ષીય અભિષેક દરજીના. તેઓ M.com. ફર્સ્ટ યરમાં છે. તેમણે જણાવ્યું કે, ''હું છેલ્લાં ચાર વર્ષથી ગરીબ વર્ગનાં બાળકોને ફ્રીમાં ભણાવું છું. 1 થી 8 ધોરણનાં બાળકોને મેથેમેટિક્સનું ટ્યુશન આપું છું. જ્યારે 11મા અને 12મા ધોરણનાં બાળકોને ઈકોનોમિક્સ અને બિઝનેસ એડમિનિસ્ટ્રેશન સબ્જેક્ટ શીખવાડું છું. 'સાઈરથ' નામની સંસ્થા છે જેના ફાઉન્ડર સ્મિતાબેને મને ફ્રીમાં ટ્યુશન આપ્યું હતું. આ સંસ્થા અંતર્ગત હું ગરીબ વર્ગનાં બાળકોને રોજ સાંજે 6 થી 8 ભણાવવા જાઉ છું. સવારે કોલેજ જાઉ છું અને સાંજે આ સોશ્યલ વર્ક કરું છું. અલથાણમાં એક સરકારી સ્કૂલ છે તેમાં આ સંસ્થાને ફ્રીમાં બાળકો ભણી શકે તે માટે જગ્યા ફાળવવામાં આવી છે ત્યાં હું બાળકોને ભણાવું છું. હું ટીચિંગ લાઈનમાં જ મારું કરિયર બનાવવા માગું છું. કરિયરમાં સેટલ થયા બાદ પણ મારું આ સોશ્યલ વર્ક ચાલુ રાખીશ.''•

## લોકો મને જે કપડાં આપી જાય તે હું જાતે ધોઈને, પ્રેસ કરીને પછી વિતરણ કરું: કીર્તિ સિંઘ રાજપૂત

જહાંગીરાબાદ વિસ્તારમાં રહેતાં અને માસ્ટર ઓફ સોશ્યલ વર્ક (M.S.W.)ની સ્ટડી કરતાં 22 વર્ષીય કીર્તિ સિંઘ રાજપૂત સ્કૂલમાં હતાં ત્યારથી જ નિઃસ્વાર્થ ભાવથી સોશ્યલ વર્ક કરે છે. તેમણે જણાવ્યું કે, ''સ્કૂલમાં હું ટોપર હતી. જો કે હું લાસ્ટ બેન્ચર હતી. પાછળ બેસીને હું બીજા બે-ત્રણ સ્ટુડન્ટ્સ સાથે એ ચર્ચા કરતી કે 500 માણસોની સોસાયટી હોય અને તેમાં કોઈ



શ્વાનને ભૂખ્યું સૂવું પડે એ કેટલું ખોટું કહેવાય. હું એવી સંસ્થા ઊભી કરીશ જેના માધ્યમથી ગરીબોને ભોજન આપી શકું, ગરીબ બાળકોને ભણાવી શકું, તેમને સ્ટેશનરી આપું, ગરીબોમાં કપડાંનું વિતરણ કરી શકું. એવો પ્લાન હું સ્ટુડન્ટ્સ સામે રજૂ કરતી ત્યારે કેટલાક જણ મારી પર હસતાં તો કેટલાક મને સપોર્ટ કરતાં. મારે ગરીબોની સેવા કરવી હતી પણ હું કોઈની પાસેથી પૈસા લઈને સેવા કરવા નહોતી માંગતી. હું લોકો પાસેથી કપડાં માગું, ભોજન માગું, સ્ટેશનરી માગું અને તેનું ગરીબોમાં વિતરણ કરું. મેં એક NGO બનાવ્યું 'કલ્કિ કર્મ'. મારા આ NGO સાથે 300 લોકો જોડાયા છે. તેઓ 100 રૂપિયા, 500 રૂપિયા આ રીતની મદદ કરે. જો કે હું પૈસા કરતાં લોકો પાસેથી મટીરિયલની અપેક્ષા રાખું. લોકો મને યુઝ કરેલાં જે કપડાં આપે તે કપડાં હું જાતે ધોઉ, તેને અસ્ત્રી કરું અને પછી તેનું વિતરણ જરૂરિયાતવાળી વ્યક્તિઓમાં કરું. મારી ટીમના 125 જેટલા યંગસ્ટર્સ બાળકોને ફ્રીમાં એજ્યુકેશન આપે છે. મેં સ્કૂલોમાં 20 હજાર જેટલી નોટબુક, પેનનું સ્ટુડન્ટ્સમાં વિતરણ કર્યું છે. હું નવમા ધોરણમાં હતી ત્યારે હું ટીચિંગ કરાવીને પૈસા ભેગા કરી ચેરીટીનાં કામો કરતી. અત્યારે પણ હું મેનેજર તરીકે જોબ કરું છું તેની ઈન્કમ ગરીબોની, ગાયોની સેવામાં યુઝ કરું છું. મારું એક જ સ્લોગન રહ્યું છે જેમાં માણસાઈ રહે તેવાં કામો કરવા છે. નાની ઉંમરમાં NGO શરૂ કરવા બદલ મને એવોર્ડ મળ્યો છે. મુંબઈમાં મને 'નારી સમ્માન પુરસ્કાર' મળ્યો છે. સુરતમાં મેં અવેરનેસ માટે એક રેલી કાઢી હતી ત્યારે મારા ફાધરને ખબર પડી હતી કે હું સોશ્યલ વર્ક કરું છું. મારાં પેરેન્ટ્સ સારાં કામો કરવા માટે સપોર્ટ આપે છે.''•

## બાળકોને ઈંગ્લીશ શીખવાડું છું, પ્રસંગોમાં ખાવાનું વેસ્ટ નહીં જાય તે માટે સમજ આપીએ: મહિમા મલ્હોત્રા



''હું માનું છું કે ભણવાની કોઈ ઉંમર નથી હોતી. હું આજે 47 વર્ષની છું અને M.Ed. કરું છું. હું અહીંથી અટકી છું એવું નથી. મને એવું થાય કે આપણે લોકો માટે કોઈ પણ પ્રકારની નિઃશુલ્ક પ્રવૃત્તિ ભલે તે 1% હોય તે કરીએ તો તે આપણને સંતોષ આપે છે અને એટલે જ હું ગરીબ વર્ગનાં બાળકોને નિઃશુલ્ક ભણાવવાનું, વૃધ્ધાશ્રમના વડીલો સાથે અંતાક્ષરી અને બીજી બેસીને રમી શકાય તેવી ગેમ રમી તેમની સાથે સમય પસાર કરવો જેવી સોશ્યલ એક્ટિવિટીઝ કરું છું.'' આ શબ્દો છે પાલ વિસ્તારમાં રહેતાં 47 વર્ષીય મહિમા મલ્હોત્રાના જેઓ ટ્યુટર છે. તેમની પાસે પાંચ ડીગ્રી છે અને સર્ટિફાઈડ કોર્સ પણ કર્યા છે. હાલમાં M.Ed. કરી રહ્યાં છે. તેમણે જણાવ્યું કે, ''હું રોબિનહુડ નામની સંસ્થા સાથે જોડાઈને સોશ્યલ વર્ક કરું છું. અઠવાડિયામાં બે દિવસ શનિ અને રવિવાર આ બે દિવસ હું સ્લમ વિસ્તારનાં બાળકોને એજ ગ્રુપ પ્રમાણે ભણાવું છું. ઈંગ્લીશનું નોલેજ આપું, મેથ્સ શીખવાડું અને જેમને હિન્દી લેંગ્વેજમાં પ્રોબ્લેમ હોય તે દૂર કરીએ. અમારું ગ્રુપ ફૂડ ડ્રાઈવ પણ કરે જેમાં જ્યાં પણ લગ્નપ્રસંગો હોય કે કોઈ સામાજિક ઈવેન્ટમાં જે ફૂડ વધે તે લાવી સ્લમ એરિયાનાં બાળકોને, વૃદ્ધોમાં ડિસ્ટ્રીબ્યુટ કરીએ. કેટલાક ફરસાણ વિક્રેતા અમને કોન્ટેક્ટ કરે એમને ત્યાંથી અમારાં વાસણોમાં ફરસાણ લાવી તેનું ડિસ્ટ્રીબ્યુશન કરીએ. અમારો યુનિફોર્મ પણ છે. જ્યાં લગ્નપ્રસંગો હોય ત્યાં અમે અમારા યુનિફોર્મમાં સ્લોગનના બોર્ડ લઈને ઊભા રહીએ અને લોકોને સમજાવીએ કે જેટલું ખાવાની ઈચ્છા હોય તેટલું જ થાળીમાં લો. એ રીતે ફૂડ વેસ્ટ થતું બચાવીએ. એવું નથી કે અમે માત્ર ડોનર પાસેથી જ વસ્તુઓ મેળવી સ્લમ એરિયામાં વિતરણ કરીએ. અમે પોતાના પૈસાથી બાળકો માટે નોટબુક્સ, પેન, પેન્સિલ, કલર પેન્સિલ, કમ્પાસ વગેરે સ્ટેશનરી ખરીદી તેમને વહેંચીએ. ઉપરાંત બાળકોને જે ખાવાની ઈચ્છા હોય જેમ કે ડ્રાય નાસ્તો, મંચુરિયન, કેક, પેસ્ટ્રી, ચોકલેટ તે અમારા પૈસાથી ખરીદી બાળકોને ખવડાવીએ. વૃધ્ધાશ્રમના વડીલોને કંપની મળી રહે તે માટે તેમની સાથે વાતો કરીએ, ગેમ રમીએ, ગરબા રમીએ. હું આવી સોશ્યલ એક્ટિવિટીઝમાં છેલ્લા એક વર્ષથી જોડાયેલી છું.''•

**એવું નથી કે યંગસ્ટર્સ પોતાનો સમય પોતાના આનંદપ્રમોદમાં જ વિતાવે છે. તેઓ ભણવા ઉપરાંત પોતાના મિત્રો સાથે હરવા-ફરવા, રેસ્ટોરન્ટમાં મનગમતું ફૂડ ખાવા જવા ઉપરાંત જે સમય મળે તેમાં તેઓ સોશ્યલ વર્ક કરવામાં માને છે. રોડના કિનારે રહેતાં શ્રમિકોનાં બાળકોને ભણાવવું, વૃદ્ધાશ્રમના વડીલો સાથે સમય વિતાવવો આ પ્રવૃત્તિ કરી સમાજ પ્રત્યેનું પોતાનું ઉત્તરદાયીત્વ નિભાવવા આગળ આવી રહ્યાં છે. વડીલો માટે શાકભાજી લાવી આપવાં, દવા લાવી આપવી, તેમને ચોપડી વાંચી આપવી આવાં નાનાંમોટાં કાર્યો કરીને પણ આજનો યુવાવર્ગ લોકસેવાનાં કામો કરવા લાગ્યો છે. જો કે, આવા યુવાઓની સંખ્યા બહુ નથી. કેટલાંક યુવાઓને સમાજ સેવા કરવી હોય છે પણ એકલા હાથે કઈ રીતે કરવી તેને લઈને મુંઝાતા હોય તો તેઓ NGO સાથે જોડાઇને સેવાકીય કામો કરવામાં અગ્રેસર રહેવા લાગ્યા છે.**